# રાતા સમુદ્રમાં સાઉદી અરેબિયાના બે ઓઈલ જહાજો પર હુથીઓના હુમલા

**બંને** જહાજો પર આગ લાગી, જો કે કોઇ જાનહાનિના અહેવાલ નહીં

**સતત** ૧૨મી રાત્રિએ ઇરાન પર અમેરિકાના હુમલા, ગલ્ફના દેશો પર ઇરાનના વળતા હુમલા

### હુથીઓના હુમલાઓને કારણે વૈશ્વિક વેપાર સામે નવો ભય

મરીન ડેટા અને એનાલિસિસ ફર્મ 'લોઇડ્સ લિસ્ટ ઇન્ટેલિજન્સ' એ જણાવ્યું હતું કે હૂથી હુમલાઓએ રાતા સમુદ્ર પર સાઉદી અરેબિયાના યાનબુ બંદર પરથી ઓઇલના શિપમેન્ટને જોખમમાં મૂક્યું છે અને હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી વિક્ષેપ ઉપરાંત આ એક ડબલ ફટકો સમાન છે. પર્શિયન અખાતમાં યુદ્ધ વધી જતાં સાઉદી અરેબિયાએ ઓવરલેન્ડ પાઇપલાઇન દ્વારા પોતાના દરરોજના લાખો બેરલ તેલની નિકાસને યાનબુ તરફ વાળી દીધી છે. ગુરુવારે યોજાયેલા એક ઓનલાઈન વેબિનારમાં લોઇડ્સે જણાવ્યું હતું કે હૂથીઓની ધમકીઓ આ માર્ગની વ્યવહારિકતા પર સવાલો ઊભા કરે છે. બળવાખોરો કહે છે કે તેઓ સાઉદી અરેબિયાની નાકાબંધી કરી રહ્યા છે, પરંતુ ગાઝામાં યુદ્ધ ચરમસીમા પર હતું ત્યારે ઇઝરાયેલની નાકાબંધી દરમિયાન, તેમણે આ સંઘર્ષ સાથે ખૂબ ઓછો અથવા કોઈ સંબંધ ન ધરાવતા ઘણા જહાજોને લક્ષ્ય બનાવ્યા હતા, જેનાથી વૈશ્વિક વેપાર ખોરવાઈ ગયો હતો.

### હુથીઓ જહાજો પર હુમલા ચાલુ રાખશે તો સખત લશ્કરી સજાની ટ્રમ્પની ધમકી

**હુથીઓના** હુમલા બદલ ઇરાનને પણ જવાબદાર ગણવામાં આવશે

કાહિરા, તા. ૨૩(એપી): અલ્ટીમેટમ આપતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે તેઓ યમનના હૂથી બળવાખોરોથી ખૂબ જ નિરાશ છે. તેમણે ચેતવણી આપી છે કે જો જહાજો પર તેમના હુમલા ચાલુ રહેશે, તો આ ઈરાન સમર્થિત બળવાખોરોને મોટી લશ્કરી સજા કરવામાં આવશે. ગુરુવારે સોશિયલ મીડિયા પર વાત કરતા પ્રમુખે કહ્યું કે, જો તેઓ ફરીથી આવું કરશે, તો અમેરિકા ઈરાનને જવાબદાર ગણશે, કારણ કે હૂથીઓ ઈરાનના સરોગેટ અને/અથવા પ્રોક્સી તરીકે કામ કરે છે. જેના કારણે ઈરાન અને સ્વાભાવિક રીતે હૂથીઓ બંને પર મોટો લશ્કરી પ્રહાર કરવામાં આવશે. ટ્રમ્પે જણાવ્યું કે ગત વર્ષે વ્યાપારી જહાજો પર થયેલા હુમલાના જવાબમાં યુએસ દ્વારા કરવામાં આવેલી એરસ્ટ્રાઈક પછી હૂથીઓ અત્યાર સુધી ખૂબ જ જવાબદારીપૂર્વક વર્તી રહ્યા હતા. તેમણે ઉમેર્યું, પરંતુ કમનસીબે, હવે તેઓએ ગઈકાલે રાત્રે સાઉદી અરેબિયાના બે જહાજો પર ગોળીબાર કરીને ફરીથી આ શરૂ કર્યું છે.

કૈરો, તા. 23(AP): ઈરાન સમર્થિત યમનના હૂથી બળવાખોરોએ ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે રાતા સમુદ્રમાં સાઉદી અરેબિયાના બે ઓઈલ ટેન્કરો પર હુમલો કર્યો છે. ઈરાન વિરુદ્ધ અમેરિકી સૈન્યના સતત 12મા રાત્રિ હુમલા વચ્ચે આ સ્થિતિ નવો મોરચો ખોલી શકે છે.

ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી દેવાને કારણે વૈશ્વિક અર્થતંત્ર પહેલેથી જ ડામાડોળ છે, ત્યારે હવે હૂથીઓએ અન્ય એક મહત્વપૂર્ણ વેપાર માર્ગ બંધ કરવાની ધમકી આપી છે. બીજી તરફ, શાંતિના સમયમાં વિશ્વના પાંચમા ભાગનું તેલ અને ગેસ જ્યાંથી પસાર થતું હતું તે સામુદ્રધુની પર નિયંત્રણ મેળવવા ઈરાન અને અમેરિકી દળો વચ્ચે હુમલાઓ વધુ તીવ્ર બન્યા છે, જેના કારણે વૈકલ્પિક માર્ગો શોધવાની હોડ જામી છે.

હૂથીઓની સબા ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે બળવાખોરોએ લાલ સમુદ્રમાં બે ટેન્કર 'એન્સેલિયા' અને 'લૈલા' (Layla) પર હુમલો કર્યો હતો, જેના કારણે બંનેમાં આગ લાગી હતી. જો કે, કોઈ જાનહાનિના અહેવાલ નથી. યમનની બળવાખોરોના કબ્જા હેઠળની રાજધાની સાનાના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તાજેતરમાં થયેલા હુમલા અને સાઉદી અરેબિયા દ્વારા યમન પર લાદવામાં આવેલા નાકાબંધીના વિરોધમાં, આ અઠવાડિયાની શરૂઆતમાં 'બાબ અલ-મંદેબ' સામુદ્રધુની દ્વારા સાઉદી સાથે જોડાયેલા શિપિંગની નાકાબંધીની જાહેરાત કર્યા પછી વહાણ પર તેમનો આ પહેલો અહેવાલ થયેલ હુમલો હતો. સરકારી સાઉદી પ્રેસ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે રાતોરાત રાતા સમુદ્રમાં થયેલા હુમલામાં એન્સેલિયામાં આગ લાગી હતી. તેણે લૈલાનો ઉલ્લેખ કર્યો ન હતો. ઈરાને અમેરિકી હુમલાના જવાબમાં પાડોશી અખાતી દેશોમાં ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પીવાનું પાણી પૂરું પાડતા ડિસેલિનેશન પ્લાન્ટ્સ (ખારા પાણીને મીઠું કરવાના પ્લાન્ટ) ને નિશાન બનાવ્યા છે. જોર્ડને જણાવ્યું હતું કે તેના સૈન્યએ ગુરુવારે વહેલી સવારે ત્રણ મિસાઈલોને આકાશમાં જ નિષ્ક્રિય કરી દીધી હતી, જ્યારે ચોથી મિસાઈલ ખાલી વિસ્તારમાં પડી હતી. આ સિવાય બુધવારે રાત્રે છ ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા.

બહરીનના ગૃહ મંત્રાલયે X (ટ્વિટર) પર પોસ્ટ કર્યું હતું કે સાયરન વાગ્યા છે અને જનતાને શાંત રહેવા અને સુરક્ષિત વિસ્તારમાં જવા માટે વિનંતી કરી છે.

કુવૈતના સૈન્યએ જણાવ્યું હતું કે ડ્રોને ઈરાક સાથેની તેની સરહદ ચોકી પર હુમલો કર્યો હતો, જેનાથી નુકસાન થયું હતું પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. આ હુમલો ઈરાન-ઈરાક સરહદ પર અમેરિકાના હુમલાના જવાબમાં હોઈ શકે છે.

## ગુજરાતી અમિશ શાહની એરિઝોના પ્રાઈમરીમાં ઐતિહાસિક જીત

**એરિઝોનામાં** ડેમોક્રેટિક કોંગ્રેસનલ કેમ્પેઇન કમિટીના ટેકાવાળા માર્લેન ગેલન-વુડ્સને હરાવ્યા

**યુએસ** કોંગ્રેસની ચૂંટણીમાં આપશે ટ્રમ્પ સમર્થિત ઉમેદવારને ટક્કર

વોશિંગ્ટન, તા. 23(PTI) ભારતીય મૂળના તબીબ અમિષ શાહે એક તીવ્ર સ્પર્ધામાં સ્થાપિત હિતોના ટેકાવાળા ઉમેદવારને હરાવીને એરિઝોનાના પ્રથમ ડિસ્ટ્રિક્ટ માટે ડેમોક્રેટિક કોંગ્રેસનલ પ્રાઈમરીમાં જીત મેળવી છે.

48 વર્ષીય શાહ, જેઓ પોતાની ઘરે-ઘરે જઈને પ્રચાર કરવાની શૈલી માટે જાણીતા છે – જેમાં તેમણે લગભગ 28,000 ઘરો સુધી પહોંચ સાધી હતી – તેઓ નવેમ્બરમાં યુએસ કોંગ્રેસની ચૂંટણી માટે અણધારી ટક્કરમાં ફેડરલ ઉમેદવાર તરીકે ઝંપલાવશે. તેઓ રિપબ્લિકન ઉમેદવાર અને એનએફએલ (NFL) કિકર જે ફીલી સામે ચૂંટણી લડશે, જેમને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું સમર્થન પ્રાપ્ત છે. એરિઝોના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના ત્રણ ટર્મ સુધી સભ્ય રહી ચૂકેલા શાહે ભૂતપૂર્વ બ્રોડકાસ્ટ પત્રકાર માર્લેન ગેલન-વુડ્સને હરાવ્યા હતા, જેમને ડેમોક્રેટિક કોંગ્રેસનલ કેમ્પેઈન કમિટીનું સમર્થન હતું.

ગેલન-વુડ્સ આ વર્ષે સ્પર્ધાત્મક હાઉસ પ્રાઈમરી હારનારા DCCCના સમર્થનવાળા ત્રીજા ઉમેદવાર છે. જેમાં કેલિફોર્નિયાના જસમીત બેન્સ અને મેઈનના જો બાલ્ડાચીનો પણ સમાવેશ થાય છે. હવે રાજકીય ક્ષેત્રે એકબીજાના હરીફ હોવા છતાં, શાહ અને ફીલીનો ભૂતકાળમાં એક સમાન ઈતિહાસ રહ્યો છે.

ડેમોક્રેટિક ઉમેદવાર શાહ એનએફએલના ફિઝિશિયન તરીકે ન્યૂ યોર્ક જેટ્સ ટીમને ઈમરજન્સી સેવા પૂરી પાડતા હતા. 1960ના દાયકામાં અમેરિકામાં સ્થાયી થયેલા ગુજરાતી માતા-પિતાના ઘરે શિકાગોમાં જન્મેલા શાહે નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી મેળવી છે અને 'ઓનર્સ પ્રોગ્રામ ઈન મેડિકલ એજ્યુકેશન' હેઠળ નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટી મેડિકલ સ્કૂલમાંથી મેડિકલની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ ડોક્ટર ઉપરાંત દાનવીર તરીકે પણ જાણીતા છે. તેઓ ગુજરાતી ભાષા પર પણ સંપૂર્ણ પ્રભુત્વ ધરાવે છે.

## અણ્ણા હઝારેએ વિદ્યાર્થીઓના સમર્થનમાં મૌન આંદોલન કર્યું

**હિંસા** અને પોલીસ કાર્યવાહીના સમાચાર અત્યંત દુ:ખદાયક: હઝારે

અહિલ્યાનગર, તા. 23 (PTI) સામાજિક કાર્યકર અણ્ણા હઝારેએ દિલ્હીમાં આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓને પોતાનું સમર્થન આપવા માટે ગુરુવારે મહારાષ્ટ્રના અહિલ્યાનગરમાં બે કલાક લાંબું મૌન આંદોલન કર્યું હતું. અણ્ણાએ અહિલ્યાનગરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે સવારે 11 વાગ્યે તેમનું વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું અને બપોરે 1 વાગ્યે તે પૂરું કર્યું હતું, તે પછી તેઓ તે જ જિલ્લામાં આવેલા પોતાના ગામ રાલેગણ સિદ્ધિ જવા રવાના થયા હતા. હઝારેએ બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કહ્યું હતું કે, "હિંસા અને પોલીસ કાર્યવાહીના સમાચાર... અત્યંત દુ:ખદાયક છે." મોદીને લખેલા પત્રમાં હઝારેએ જણાવ્યું હતું કે, પ્રદર્શનકારીઓના અસંતોષને કાયદો અને વ્યવસ્થાની સમસ્યા તરીકે નહીં, પરંતુ સમાજની વેદના અને અપેક્ષાઓ તરીકે જોવો જોઈએ. જો કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવા માટે કહેવામાં આવે તો તેનાથી સરકાર પડી નહીં જાય; ઊલટાનું, તે... તેના કામકાજને વધુ જવાબદારીપૂર્વકનું અને અસરકારક બનાવશે." હઝારેએ સરકારને વિનંતી કરી હતી કે, તેઓ (પ્રદર્શનકારીઓ) ની વાત ધીરજપૂર્વક સાંભળે, વિશ્વાસનું વાતાવરણ ઊભું કરે અને સકારાત્મક સંવાદ દ્વારા ઉકેલો શોધે." હઝારેએ પત્રકારોને જણાવ્યું હતું કે, તેમણે મોદીને પત્ર એટલા માટે લખ્યો કારણ કે, વડા પ્રધાન સર્વોચ્ચ નેતા છે અને તેમને લોકોની સમસ્યાઓથી માહિતગાર કરવા જોઈએ.

## ઇન્વેન્ટરી-આધારિત ઈ-કોમર્સ મોડલમાં FDIને સરકારની મંજૂરી

**માત્ર** નિકાસના હેતુસર ઇ-કોમર્સ કંપનીઓને સીધા વિદેશી રોકાણની મંજૂરી

**આ** કંપનીઓ માત્ર ભારતમાં ઉત્પાદિત અથવા ભારતમાં પ્રોસેસ કરેલી વસ્તુઓની જ નિકાસ કરી શકશે

### ચીનની સરખામણીમાં ભારતની ઇ-કોમર્સ નિકાસ ખૂબ જ ઓછી

એક અંદાજ મુજબ, ચીનની 350 બિલિયન ડોલરની સરખામણીમાં ભારતની ઈ-કોમર્સ નિકાસ હાલમાં માત્ર 2 બિલિયન ડોલરની આસપાસ છે. વૈશ્વિક ઈ-કોમર્સ વેપાર હાલમાં લગભગ 800 બિલિયન ડોલરનો છે અને 2030 સુધીમાં તે 2 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે.

નવી દિલ્હી, તા. 23(PTI): સરકારે ગુરુવારે માત્ર નિકાસ હેતુ માટે ઇન્વેન્ટરી-આધારિત ઈ-કોમર્સ મોડલમાં FDIની મંજૂરી આપી છે. આ પગલાથી નાના છૂટક વેપારીઓના વ્યવસાય પર કોઈ અસર પડ્યા વિના ભારતમાંથી થતી નિકાસ વધારવામાં મદદ મળશે.

આવી કંપનીઓએ ભારતમાં ઉત્પાદિત અથવા પ્રક્રિયા કરેલી વસ્તુઓની જ નિકાસ કરવાની રહેશે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે વેચાણ માટે ઇન્વેન્ટરી-આધારિત ઈ-કોમર્સ રિટેલિંગમાં FDIની મંજૂરી આપવામાં આવી નથી. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ એ એક પ્રેસ નોટમાં જણાવ્યું હતું કે, ભારતીય વેચનાર માટે વૈશ્વિક બજારોની સરળ અને વધુ પહોંચ દ્વારા નિકાસને પ્રોત્સાહન આપવા માટે, વર્તમાન FDI નીતિની સમીક્ષા કરવામાં આવી છે અને એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે ભારતમાં ઉત્પાદિત વસ્તુઓ/ઉત્પાદનોની નિકાસના કિસ્સામાં ઈ-કોમર્સના ઇન્વેન્ટરી-આધારિત મોડલ પરના નિયંત્રણો લાગુ થશે નહીં. આનો અર્થ એ થયો કે વિદેશી હિસ્સેદારી ધરાવતી ઈ-કોમર્સ કંપનીઓ હવે માત્ર નિકાસના હેતુથી સ્ટોક(ઇન્વેન્ટરી) રાખી શકશે. અગાઉની નીતિમાં આ અંગે સ્પષ્ટ ઉલ્લેખ નહોતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ આવતું DPIIT, વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) સંબંધિત બાબતો સંભાળે છે. તે પ્રેસ નોટ્સ દ્વારા નીતિગત ફેરફારો જાહેર કરે છે.

વર્તમાન FDI નીતિ મુજબ, બિઝનેસ-ટુ-બિઝનેસ ઈ-કોમર્સ અને માર્કેટપ્લેસ મોડલમાં વિદેશી રોકાણની મંજૂરી છે. જો કે, બિઝનેસ-ટુ-કન્ઝ્યુમર (B2C) ઈ-કોમર્સ અને ઇન્વેન્ટરી-આધારિત ઈ-કોમર્સ મોડલ્સમાં FDIની મંજૂરી નથી, જ્યાં સામાન અને સેવાઓનો સ્ટોક ઓનલાઈન રિટેલરની માલિકીનો હોય છે અને તે ગ્રાહકોને સીધો વેચવામાં આવે છે. DPIIT એ નીતિમાં એક નવો ક્લોઝ ઉમેર્યો છે, જેમાં જણાવાયું છે કે: ઈ-કોમર્સ સંસ્થાને 'ફોરેન ટ્રેડ પોલિસી 2023' અને 'ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ (એક્સપોર્ટ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસિસ) રેગ્યુલેશન્સ, 2015'ની લાગુ જોગવાઈઓ અનુસાર માત્ર ભારતમાં ઉત્પાદિત વસ્તુઓ/ઉત્પાદનોની નિકાસ માટે ઇન્વેન્ટરી-આધારિત ઈ-કોમર્સ મોડલ ચલાવવાની મંજૂરી આપવામાં આવે છે. તેણે ઉમેર્યું કે B2C અને ઇન્વેન્ટરી-આધારિત ઈ-કોમર્સ મોડલ પરના નિયંત્રણો ઈ-કોમર્સ દ્વારા થતી વસ્તુઓ/ઉત્પાદનોની નિકાસને લાગુ પડશે નહીં.

આ નિર્ણય FEMA (ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ) નોટિફિકેશન બહાર પડ્યાની તારીખથી અમલમાં આવશે.

ઈ-કોમર્સ દ્વારા ભારતની નિકાસને વેગ આપવા માટે આ પ્રસ્તાવ સૌપ્રથમ ડિરેક્ટરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) દ્વારા મૂકવામાં આવ્યો હતો. ઈ-કોમર્સ ક્ષેત્રના હિસ્સેદારો પણ આ માંગ કરી રહ્યા હતા. આ નિર્ણય ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે સરકાર ઈ-કોમર્સના માધ્યમથી નિકાસ વધારવાના રસ્તાઓ શોધી રહી છે. તે અન્ય પગલાં પર પણ કામ કરી રહી છે, જેમ કે ઈ-કોમર્સ એક્સપોર્ટ હબ્સ સ્થાપિત કરવા.

## ઈઝરાયેલને માન્યતા આપો: અણુ કરાર માટે ટ્રમ્પની સાઉદી સમક્ષ શરત

**નાગરિક** પરમાણુ કાર્યક્રમ માટે સાઉદી અરેબિયા અમેરિકા સાથે કરાર કરી રહ્યું છે

વૉશિંગ્ટન, તા. ૨૩: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે અમેરિકા-સાઉદી અરેબિયા પરમાણુ કરાર માટે એક નવી શરત મૂકી છે અને તે એ કે આ ગલ્ફ દેશ દ્વારા ઇઝરાયેલને માન્યતા આપવામાં આવે.

ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે આ અણુ કરારને મંજૂરી આપવામાં આવશે, પરંતુ તે સંપૂર્ણપણે સાઉદી અરેબિયા અબ્રાહમ એકોર્ડ્સમાં જોડાય તેના પર નિર્ભર છે. યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી અને સાઉદી અરેબિયા વચ્ચે થઈ રહેલો સિવિલ ન્યુક્લિયર કરાર, જે માત્ર બિન-સૈન્ય ઉપયોગ સાથે સંબંધિત છે – જેમ કે ઈરાન અને યુએઈ પાસે પહેલેથી જ છે – તેને મંજૂરી આપવામાં આવશે, પરંતુ તે સાઉદી અરેબિયા ખૂબ જ સન્માનિત અને સફળ 'અબ્રાહમ એકોર્ડ્સ'માં જોડાવા પર સંપૂર્ણપણે આધારિત છે.

ટ્રમ્પે સાઉદી અરેબિયા સાથેના એક કરારને મંજૂરી આપી છે જે આ દેશને તેનો પોતાનો નાગરિક પરમાણુ કાર્યક્રમ વિકસાવવાની મંજૂરી આપે છે. '123 એગ્રીમેન્ટ' તરીકે ઓળખાતી આ ડિલ 30 વર્ષ સુધી ચાલવાની ધારણા છે. CNN ના અહેવાલ મુજબ, એક યુએસ અધિકારીએ જણાવ્યું હતું કે આ ડિલમાં અમેરિકન કંપનીઓ સાઉદી કાર્યક્રમ વિકસાવવા માટે ટેકનોલોજી અને કુશળતા પૂરી પાડશે.તે દેશને તેના નાગરિક રિએક્ટર માટે પોતાના બળતણને સંવર્ધિત કરવાની પણ મંજૂરી આપશે.




### 'કંઈક ખાઈ લો, હું તમને ખાવાનું મોકલી આપું': સલમાને સોનમ વાંગચુકને કહ્યું



મુંબઈ, તા. 23: ભારતમાં નીટ પેપર લીક બાદ વિદ્યાર્થીઓના વધતા ગુસ્સાને કારણે એક વિશાળ વિદ્યાર્થી આંદોલન શરૂ થયું, જે એટલું વધી ગયું કે લાખો વિદ્યાર્થીઓ દિલ્હીના રસ્તાઓ પર ઊતરી આવ્યા. પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જનો આશરો લીધો. સલમાન ખાને 22 જુલાઈની રાત્રે એક નિવેદન આપ્યું હતું અને આ એક ગંભીર મુદ્દો ગણાવ્યો હતો. સોનમ વાંગચુક પર ટિપ્પણી કરતાં અભિનેતાએ લખ્યું, ''સોનમ, બસ કર, મિત્ર. આ મુદ્દાને વધુ ખેંચીશ નહીં. તમે કંઈક ખાઈ લો. જો તમે ઇચ્છો તો હું મારા ઘરેથી તમારા માટે ભોજન મોકલી આપું.''

### વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ, બોલિવૂડના દિગ્ગજોએ અવાજ ઉઠાવ્યો

નવી દિલ્હી, તા. 23 (PTI) સલમાન ખાન, આલિયા ભટ્ટ, કરીના કપૂર ખાન, કમલ હાસન, અનુપમ ખેર, રત્ના પાઠક શાહ, સીમા પહવા અને રાજકુમાર રાવ સહિતના બોલિવૂડ દિગ્ગજોએ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ સામે અવાજ ઉઠાવ્યો છે અને સોશિયલ મીડિયા દ્વારા વિદ્યાર્થીઓની માંગણીઓનું સમર્થન કર્યું છે. સલમાન, શાહરૂખ અને આમિર સહિતની 'ખાન ત્રિપુટી'માંથી વિદ્યાર્થીઓની તરફેણમાં બોલનાર પ્રથમ કલાકાર બન્યો છે. સલમાને ખૂબ જ સંભાળીને આપેલા નિવેદનમાં બહેતર શિક્ષણ માટે યુવાનોની માંગને બિરદાવી હતી, સાથે જ આ 'આંદોલન'નું રાજનીતિકરણ ન થાય તે અંગે ચેતવણી પણ આપી હતી. એક્ટર અનુપમ ખેરે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને સૌથી નિષ્પક્ષ અને ઈમાનદાર ગણાવ્યું, સાથે જ તેમને બહારના રાજકીય પક્ષોના એજન્ડાથી સાવચેત રહેવાની સલાહ આપી હતી.

## પ્રીમિયમ પેટ્રોલમાં ઇથેનોલ નથી: સરકાર

**ઈ0/ઈ10** પેટ્રોલ પુનઃશરૂ કરવાની કોઈ યોજના નથી: રાજ્ય મંત્રી

નવી દિલ્હી, તા. 23 (PTI): સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા વેચવામાં આવતા પ્રીમિયમ ગ્રેડના પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ કર્યા વગર જ સપ્લાય ચાલુ રહેશે. એમ સરકારે ગુરુવારે જણાવ્યું હતું. વધુમાં સરકારે ઉમેર્યું હતું કે, તેણે પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ 20 ટકાથી વધારવાનો કોઈ નિર્ણય લીધો નથી અને ઈ0 અથવા ઈ10 પેટ્રોલનો પુરવઠો પુનઃશરૂ કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ લોકસભામાં લેખિત જવાબોમાં જણાવ્યું હતું કે, પ્રીમિયમ પેટ્રોલિયમ ગ્રેડ - ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનનું એક્સપી100, હિન્દુસ્તાન પેટ્રોલિયમનું પાવર100 અને ભારત પેટ્રોલિયમનું સ્પીડ100 -માં ઈથેનોલ ભેળવવામાં આવતું નથી. કારણ કે, તે ખાસ પ્રકારના (નિશ) ઇંધણ છે જેમાં વિશિષ્ટ પર્ફોર્મન્સ વધારતા એડિટિવ્સ હોય છે અને કુલ પેટ્રોલ વેચાણમાં તેનો હિસ્સો માત્ર 0.5 ટકા જેટલો છે.

પેટ્રોલના આ ગ્રેડની કિંમત પ્રતિ લિટર આશરે 160 છે, જ્યારે સામાન્ય પેટ્રોલની કિંમત પ્રતિ લિટર 102.12 છે, જેમાં 20 ટકા ઈથેનોલ મિશ્રિત કરવામાં આવે છે. ગોપીએ કહ્યું હતું કે, ઈથેનોલ મિશ્રણ 20 ટકાથી વધુ વધારવાનો કોઈપણ નિર્ણય વિગતવાર વૈજ્ઞાનિક અને તક્નિકી અભ્યાસ તેમ જ ઓટોમોબાઈલ ઉત્પાદકો, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ અને સંશોધન સંસ્થાઓ સાથેની સલાહ-વિમર્શ પછી જ લેવામાં આવશે. રાજ્ય મંત્રીએ કહ્યું હતું કે, જાહેર અને ખાનગી ઇંધણ વિક્રેતાઓને ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ (ઈબીપી) કાર્યક્રમ હેઠળ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 20 ટકા સુધી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ સપ્લાય કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. મિનિમમ રિસર્ચ ઓક્ટેન નંબર (આરઓએન) 95 ધરાવતાં ઈથેનોલ-મિશ્રિત મોટર સ્પિરિટને 1 એપ્રિલ, 2026થી લાગુ કરવા માટે અધિસૂચિત કરવામાં આવ્યું છે.

## કેનેડાની ડ્રગ ગેંગ સાથે સંકળાયેલ ભારતીય હરમનવીર સિંહની અમેરિકામાં ધરપકડ

**સિંહ** આંતરરાષ્ટ્રીય ગુનાહિત સંગઠનમાં તેની કથિત સંડોવણી માટે વોન્ટેડ હતો

વોશિંગ્ટન, તા. 23 (PTI): એફબીઆઈએ કેનેડા સ્થિત રવિન્દર ઢાંડા ગેંગ માટે ડ્રગ ટ્રાફિકિંગ (તસ્કરી)માં તેની કથિત ભૂમિકા બદલ ભારતીય નાગરિક હરમનવીર સિંહની ધરપકડ કરી છે. એફબીઆઈએ બુધવારે જણાવ્યું હતું કે, કેલિફોર્નિયા હાઈવે પેટ્રોલના અધિકારીઓ દ્વારા મંગળવારે કેલિફોર્નિયાના સ્ટોકટનમાંથી સિંહની ધરપકડ કરવામાં આવી હતી. એફબીઆઈની આ કાર્યવાહી 'ઓપરેશન હાર્ડ બોલ'ને અનુસરીને કરવામાં આવી હતી, જે લૉરેન્સ બિશ્નોઈ, જગ્ગુ ભગવાનપુરિયા અને રવિન્દર ઢાંડા દ્વારા ચલાવવામાં આવતી ગેંગને લક્ષ્ય બનાવતી એક સંકલિત આંતરરાષ્ટ્રીય અમલીકરણ કાર્યવાહી હતી. તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે, સિંહ આંતરરાષ્ટ્રીય ગુનાહિત સંગઠનમાં તેની કથિત સંડોવણી માટે વોન્ટેડ હતો. આ સંગઠન નિયંત્રિત પદાર્થોનું વિતરણ અને વિતરણ કરવાના ઈરાદા સાથે કબજો રાખવા તેમ જ નિયંત્રિત પદાર્થોની નિકાસ કરવાના કાવતરામાં સામેલ હતો. એજન્સીએ જણાવ્યું હતું કે, રવિન્દર ઢાંડા ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ગ્રુપ કેનેડાના વાનકુવરથી સંચાલિત થાય છે અને તે સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા અને મેક્સિકોમાં ડ્રગ ટ્રાફિકિંગ સંસ્થાઓ માટે મોટા પ્રમાણમાં કોકેઈન અને મેથામ્ફેટામાઈન (ડ્રગ્સ)ની કથિત રીતે તસ્કરી કરતું હતું. 23 જૂન, 2026ના રોજ નિયંત્રિત પદાર્થોનું વિતરણ અને વિતરણના ઈરાદા સાથે કબ્જો રાખવાના કાવતરા, નિકાસ કરવાના કાવતરા અને વિતરણના ઈરાદા સાથે નિયંત્રિત પદાર્થોનો કબજો રાખવાના આરોપો મૂકાયા બાદ યુનાઈટેડ સ્ટેટ્સ ડિસ્ટ્રિક્ટ કોર્ટ, સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ ઓફ કેલિફોર્નિયા, લોસ એન્જલસ, કેલિફોર્નિયામાં સિંહ માટે ફેડરલ એરેસ્ટ વોરંટ બહાર પાડવામાં આવ્યું હતું.

## ઓઇલના ભાવ ઉછળ્યા: બ્રેન્ટ ક્રૂડ થોડો સમય ૧૦૦ ડોલરની ઉપર ગયું

**ખુલતા** સાથે અમેરિકી શેરબજાર ગગડ્યું

**યુરોપના** બજારોમાં પણ કડાકા, એશિયન બજારોમાં મિશ્ર પ્રવાહ

ન્યૂયોર્ક, તા. ૨૩(એપી): મધ્ય પૂર્વમાં વધતા સંઘર્ષને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના પુરવઠાને અસર પહોંચવાની આશંકા વચ્ચે ગુરુવારે ક્રૂડ તેલના ભાવમાં ફરી એકવાર મોટો ઉછાળો આવ્યો છે. બીજી તરફ, તેની અસર હેઠળ અમેરિકી શેરબજાર આજે ગગડી ગયું હતું.

આંતરરાષ્ટ્રીય માપદંડ ગણાતા બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ ૬.૧ ટકા વધીને બેરલ દીઠ $૯૯.૭૮ પહોંચી ગયો હતો. અગાઉ સવારે, રાતા સમુદ્રમાં બે સાઉદી તેલ ટેન્કરો પર થયેલા હુમલા બાદ તેલનો ભાવ થોડીવાર માટે $૧૦૦ ને પાર કરી ગયો હતો, જે છેલ્લા બે મહિનામાં સૌથી વધુ હતો. હોર્મુઝની સામુદ્રધુની ઉપરાંત આ હુમલાઓથી ઓઈલ કંપનીઓ જે અન્ય દરિયાઈ માર્ગે મધ્ય પૂર્વમાંથી વિશ્વભરમાં ક્રૂડ મોકલે છે તેના પર જોખમ ઊભું થયું છે. હજુ થોડા અઠવાડિયા પહેલા જ બ્રેન્ટ ક્રૂડનો ભાવ બેરલ દીઠ $૭૨ થી નીચે આવી ગયો હતો, જે અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું તે પહેલાના સ્તર જેટલો હતો. તેલના ભાવમાં આવી રહેલો આ ઉછાળો ફુગાવાને ફરી ઝડપી બનાવવાનું જોખમ ઊભું કરી રહ્યો છે. જેને કારણે ફેડરલ રિઝર્વ અને અન્ય મધ્યસ્થ બેંકો વ્યાજદરમાં વધારો કરવા મજબૂર બની શકે છે, જે અર્થતંત્રોને ધીમા પાડશે અને શેર તેમજ અન્ય રોકાણોના ભાવ ઘટાડશે.

S|P 500 ઈન્ડેક્સ ૦.૮ ટકા ઘટ્યો છે અને માર્ચ પછી પ્રથમ વખત સતત બીજા અઠવાડિયે નુકસાન તરફ વધી રહ્યો છે. પૂર્વીય સમય અનુસાર સવારે ૯:૩૫ વાગ્યા સુધીમાં ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ ૩૬૩ પોઈન્ટ અથવા ૦.૭ ટકા ઘટ્યો હતો, જ્યારે નાસ્ડેક ૧.૬ ટકા નીચે ટ્રેડ થઈ રહ્યો હતો.

## ભારતથી છેક દક્ષિણ કોરિયા સુધી ૧૦૦૦૦ કિમી લાંબો વાદળોનો પટો રચાયો

**ઉત્તર** ભારતથી શરૂ થઇને આ પટો ચીન અને છેક દક્ષિણ કોરિયા સુધી લંબાય છે

**આગામી** દિવસોમાં ઉત્તર અને મધ્ય ભારતમાં સારો એવો વરસાદ થવાની શક્યતા

નવી દિલ્હી, તા. તાજેતરની સેટેલાઈટ ઈમેજરીમાં ઉત્તર ભારતથી શરૂ થઈ હિમાલય, ચીન અને છેક દક્ષિણ કોરિયા સુધી વિસ્તરેલી ૭,૦૦૦થી ૧૦,૦૦૦ કિલોમીટર લાંબી એક અદ્ભુત વરસાદી પટ્ટી ઝડપાઈ છે, જે ૨૦૨૬ના દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના સૌથી સક્રિય તબક્કા દર્શાવે છે. 'મોનસૂન કન્વર્જન્સ ઝોન' તરીકે ઓળખાતી આ વિશાળ વાદળોની પટ્ટી હિંદ મહાસાગર પરથી આવતા ભેજયુક્ત પવનો અને સમગ્ર એશિયાની હવામાન પ્રણાલી વચ્ચેની આંતરક્રિયાને કારણે સર્જાઈ છે, જેણે હજારો કિલોમીટર સુધી વિસ્તરેલો વાદળો અને વરસાદનો એક લાંબો પટો બનાવી દીધો છે. હવામાનની આ અદ્ભુત સ્થિતિને કારણે સમગ્ર ભારતમાં અસાધારણ વરસાદ નોંધાયો છે. વરસાદના અંદાજ મુજબ, છેલ્લા બે દિવસમાં દેશે તેના સામાન્ય દૈનિક ચોમાસાના વરસાદ કરતા લગભગ ૧૭૦-૧૮૦% વધુ વરસાદ નોંધાવ્યો છે, જેણે આ સીઝનનો અત્યાર સુધીનો સૌથી વધુ વરસાદી સમયગાળો બનાવ્યો છે. સેટેલાઈટ તસવીરમાં મધ્ય, ઉત્તર અને પૂર્વ ભારતનો મોટાભાગનો વિસ્તાર ઘાટા વાદળોથી ઢંકાયેલો જોવા મળે છે, જે ત્યારબાદ ઈશાન દિશા તરફ હિમાલયની પટ્ટી પાર કરીને ચીન અને જાપાન સુધી પહોંચે છે.

## જન નેતા: શાનદાર એક્શન અને પરફોર્મન્સ, પણ સ્ક્રિપ્ટ નબળી



**મૂવી રિવ્યુ**

અમર સોલંકી દ્વારા

| | |
|---|---|
| ફિલ્મ | જન નેતા |
| રેટીંગ | ★★☆☆☆ |
| એક લાઈનનો પ્રતિભાવ | નબળી સ્ક્રિપ્ટને કારણે આ એક સરેરાશ મનોરંજક ફિલ્મ છે. |

કેવીએન પ્રોડક્શન્સની જન નેતા (તમિલ ફિલ્મ જના નાયગનનું હિન્દી ડબિંગ) એક એક્શન ફિલ્મ છે, જે જનતાના પ્રિય અને સિદ્ધાંતવાદી વેટ્રી કોંડન (વિજય) અને લોકશાહીને નાબૂદ કરવા માંગતા ઓટોક્રેટ જોન હિમલર (બોબી દેઓલ) વચ્ચેના વિચારધારાના સંઘર્ષ પર આધારિત છે. ફિલ્મ તેલુગુ હિટ ભગવંત કેસરી પરથી પ્રેરિત છે.

**પ્લસ પોઈન્ટ્સ:** અભિનેતાઓનું શ્રેષ્ઠ પ્રદર્શન: વિજયે તેના શાનદાર એક્શન, ડ્રામા, ઈમોશનલ સીન્સ અને ઉત્કૃષ્ટ ડાન્સથી પ્રેક્ષકોનું દિલ જીતી લીધું છે. બોબી દેઓલ પોતાના વિલન રોલમાં ખૂબ પ્રભાવશાળી છે. પ્રકાશ રાજ, પ્રિયામણી, અને ગૌતમ વાસુદેવ મેનનનો અભિનય ઉત્તમ છે.

**મનોરંજક દ્રશ્યો:** ઈન્ટરવલ પછીનો ભાગ ઝડપી અને મનોરંજક છે. વેટ્રી કોંડન અને રોજા રંગાસ્વામી વચ્ચેના સંઘર્ષનાં દૃશ્યો તેમ જ બોબી દેઓલ સાથેના ભૂતકાળના ટ્રેકની વાર્તા રોચક છે. સાથ્યાન સૂર્યનની સિનેમેટોગ્રાફી શાનદાર છે અને અનલ અરસુની એક્શન સિક્વન્સ ખૂબ જ થ્રિલિંગ છે. અનિરુદ્ધનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને ગીતોનું પિક્ચરાઈઝેશન પણ સારું છે.

**માઈનસ પોઈન્ટ્સ:**

ગૂંચવાડાભરી વાર્તા: વાર્તામાં અસંખ્ય સબ-પ્લોટ્સ અને ટ્રેક્સ હોવાથી મુખ્ય પ્લોટ નબળો પડે છે. ફ્લેશબેક અને વર્તમાન વચ્ચે વારંવાર થતી અદલાબદલી પ્રેક્ષકોને મૂંઝવી દે છે.

પ્રેડિક્ટેબલ અને હિંસક: ક્લાઈમેક્સ ખૂબ જ અપેક્ષિત, અત્યંત હિંસક અને વધુ ઉત્તમ બનાવી શકાયો હોત.

ડબિંગ અને સંવાદો: હિન્દી પ્રેક્ષકો માટે બોબી દેઓલનો પોતાનો અવાજ ન હોવો એ મોટો માઈનસ પોઈન્ટ છે. સંવાદો સાધારણ છે અને પિચિંગ પણ સુધારી શકાયું હોત. પૂજા હેગડે અને રેવતી જેવા કલાકારોનાં પાત્રોને બહુ ઓછો સ્કોપ મળ્યો છે.